# રંગતાલ પ્રિસ્કૂલનો રંગદાર વાર્ષિકોત્સવ




રાંધેજા ખાતે રંગતાલ પ્રિ સ્કૂલનો પ્રથમ વાર્ષિકોત્સવ રંગેચંગે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાના ઈન-ચાર્જ મેયર દેવેન્દ્ર સિંહ ચાવડા, પનઘટ કલા કેન્દ્રના પ્રેસિડેન્ટ ભાવિન પટેલ તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ કનઝ્યુમર વેલ્ફર કમિટીના અનિલભાઈ મોરે (જનરલ સેક્રેટરી ગુજરાત), દિપકભાઈ વ્યાસ (જનરલ સેક્રેટરી સેન્ટ્રલ ગુજરાત), વિરેશ મહેતા (ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોફેશનલ ટ્રેનિંગ ભારત સરકાર ન્યુ દિલ્હી), રંગતાલ સ્કૂલના ટ્રસ્ટી મિલન પટેલ, વાલીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો અને બાળપ્રવૃત્તિના પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોએ એક પછી એક સુંદર કૃતિઓ પ્રસ્તુત કરીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.

## જન્મદિને વધામણી



હિરલ હિરેન ભટ્ટ
મોતી આર્ટીસ્ટ
મો. ૯૮૭૯૭ ૦૩૦૭૦



પર્વ કેયુર શાહ
ફોન - ૨૩૨૨૩૬૯૧



વનશ્રી નીલકંઠ વ્યાસ
મો. ૯૯૨૫૦ ૭૯૭૦૭

# આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓની ડિઝાઈન્સ ન્યૂયોર્ક ફેશન વિકમાં ચમકી




ગાંધીનગર, તા. ૮

આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દરેક રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય ફેશન શો તથા કોમ્પિટિશનમાં ભાગ લેતા હોય છે અને કંઈક નવું બનાવતા રહે છે તેમજ આ વખતે ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ બનાવેલ ડિઝાઈનને ન્યુયોર્ક ફેશન વીકમાં મોડેલ્સ દ્વારા પહેરીને રેમ્પવોક કરવામાં આવી હતી, જે શહેર માટે ગૌરવ ની બાબત છે.

ફેશન વીક વિશે વાત કરતાં વિદ્યાર્થીઓએ જણાવ્યું કે અમે ટીમમાં કુલ ૧૧ વિદ્યાર્થીઓ હતા જેમણે આ ડિજાઈન તૈયાર કરી હતી. આ ડિઝાઈન માટે અમારી ટીમના બે વિદ્યાર્થીઓએ એક્સપર્ટ એડવાઈઝ માટે મુંબઈની મુલાકાત લીધી હતી અને લંડનના ફેશન ડિઝાઈનર જૉસેફ ટોરોનકોએ તેમને ઘણું માર્ગદર્શન આપ્યું હતું. આ ડિઝાઈનનું નામ સ્ટ્રીપ્સ ગેમ્સ આપવામાં આવ્યું હતું જેને તૈયાર કરવામાં ૧ મહિના જેટલો સમય લાગ્યો હતો. તેના ફેબ્રિકમાં શૂટિંગ અને શર્ટીંગના ફેબ્રિક નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ફેશન વીક પછી વિદ્યાર્થીઓને ઈન્સ્ટિટ્યૂટ ખાતે સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ટીમમાં સરિતા શિરકે, સુનીતા ગિરી, સાજીદ નર્સિંદાની, કિનલ માંડલિયા, ધૃતિ પટેલ, હિમાલી પટેલ, કાજલ સોની, મેઘા શર્મા, કેતન બોરાડ, ક્રિષ્ના ચૌહાણ અને ખુશ્બૂ રાજોપુરોહિત સામેલ હતાં.

## યુથ હૉસ્ટેલ દ્વારા વાઈલ્ડ લાઈફ ટ્રેનિંગ કેમ્પ

ગાંધીનગર, તા. ૮

યુથ હૉસ્ટેલ, ગાંધીનગરના ઉપક્રમે ગિરના જંગલમાં વાઈલ્ડ લાઈફ ટ્રેનીંગ કેમ્પનું આયોજન આગામી તા. ૨૬થી ૨૮ એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં સિંહદર્શન, પક્ષી પરિચય, વન્યજીવો વિશેની જાણકારી, ગિરની લોકસંસ્કૃતિનો પરિચય જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા મિત્રોને ચૈતન્ય નિમાવત (૯૪૨૬૪૦૧૭૦૧), જયંતિલાલ સાધુ (૯૮૯૮૫ ૯૦૯૭૫) અથવા પ્રિયંક પરમાર (૯૯૦૯૯ ૬૫૯૦૦)નો સંપર્ક કરવા યુથ હૉસ્ટેલની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સમયુક્તિ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઈન્ટરનેશનલ ટ્રેનર દ્વારા ટ્રેનીંગ સૅશન



સમયુક્તિ ઈન્ટરનેશનલ સ્કૂલ, ચંદ્રાલા ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ આપવા પ્રયત્નશીલ છે. અહીં બ્રિટીશ કાઉન્સિલનો આઈએસએ-ઈન્ટરનેશનલ સ્કૂલ પ્રોગ્રામ ચાલી રહ્યો છે. પ્રોગ્રામ અંતર્ગત આલિયા બહેન દ્વારા 'આપણને મદદ કરનાર માણસો' વિશે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. આ સાથે અમેરિકામાં પોલીસ, ટપાલસેવા અને આરોગ્ય સેવાઓ તથા આરોગ્ય સેવાઓની માહિતી બાળકોને આપવામાં આવી હતી.

# નરેન્દ્ર મોદીની બાયોપિક ભારત દેશમાં એકસાથે ૧૭૦૦ સ્કિન પર રિલીઝ થશે




ગાંધીનગર, તા. ૮

છેલ્લા કેટલાક દિવસોથી રિલીઝને લઈને વિવાદોમાં ઘેરાયેલી વડાપ્રધાન મોદી પરની ફિલ્મ 'પીએમ નરેન્દ્ર મોદી' બાયૉપિક હવે રિલીઝ થવાની છે. આ બધાની વચ્ચે ફિલ્મ પ્રૉડ્યૂસરે કેટલાક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. 'પીએમ નરેન્દ્ર મોદી' બાયૉપિકને માત્ર ભારતમાં જ નહીં દુનિયાભરમાં રિલીઝ કરવામાં આવશે. ફિલ્મ ડાયરેક્ટર ઉમંગ કુમારે જણાવ્યુ કે, 'પીએમ નરેન્દ્ર મોદી' બાયૉપિકને ભારતની સાથે સાથે ૩૮ દેશોમાં રિલીઝ કરવામાં આવશે, જેમાં યુએસ, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને યુએઈ જેવા દેશો સામેલ છે.

ઉમંગ કુમારે ફિલ્મમાં પીએમ મોદીના જીવનની શરૂઆતી સફરથી તેમના ભારતના વડાપ્રધાન બનવા સુધીની કહાની બતાવી છે.

ફિલ્મના પ્રૉડ્યૂસર્સ અને ડિસ્ટ્રીબ્યૂટરે આનંદ પંડિતે કહ્યું કે પીએમ મોદીની બાયૉપિકને લઈને દુનિયાભરમાં ઉત્સાહ છે. જેથી અમે નક્કી કર્યુ છે કે, ફિલ્મને ભારતની સાથે ૩૮ દેશોમાં પણ રિલિઝ કરાશે. ફિલ્મની રિલીઝ ડેટ ૧૧ એપ્રિલ, ૨૦૧૯ નક્કી કરવામાં આવી છે. તેમણે જણાવ્યુ કે, ભારતમાં ફિલ્મ ૧૭૦૦ સ્ક્રીન્સ પર રિલીઝ થશે, ઓવરસીઝમાં આને લગભગ ૬૦૦ સ્ક્રીન્સ પર રિલીઝ કરવાનું પ્લાનિંગ છે. ફિલ્મને હિન્દી ઉપરાંત તેલુગુ અને તામિલ ભાષામાં રિલીઝ કરવામાં આવશે. ફિલ્મમાં પીએમ મોદીની ભૂમિકા એક્ટર વિવેક ઓબેરૉય નિભાવી રહ્યા છે.

# ઐક્યની ઝંખના

॥ આઠમો મણકો ॥

બંને એક જ વસ્તુ છે, કેમ કે શંકાના મૂળમાં શ્રદ્ધાનો અભાવ હોય છે. ઓ ઈશ્વર, મને તું શ્રદ્ધા દે.

બકરીનું દૂધ શરૂ કર્યા પછી થોડે દહાડે દા. દલાલે ગુદાદ્વારમાં ચીરા હતા તે ઉપર શસ્ત્રક્રિયા કરી ને તે બહુ સફળ નીવડી.

પથારીમાંથી ઊઠવાની કંઈક આશા બાંધી રહ્યો હતો તે છાપાં વગેરે વાંચતો થયો હતો, તેવામાં રૉલેટ કમિટીનો રિપોર્ટ મારા હાથમાં આવ્યો. તેની ભલામણો જોઈ હું ચમક્યો. ભાઈ ઉમર અને શંકરલાલે કાંઈ ચોક્સ પગલું ભરાવું જોઈએ એવી માગણી કરી. એકાદ માસમાં હું અમદાવાદ ગયો. વલ્લભભાઈ લગભગ રોજ મને જોવા આવતા. તેમને મેં વાત કરી ને આ વિશે કંઈક થવું જોઈએ એમ સૂચવ્યું. 'શું થાય?' એના જવાબમાં મેં કહ્યું: 'જો થોડા માણસો પણ આ બાબતમાં પ્રતિજ્ઞા લેનારા મળી આવે તો, તે કમિટીની ભલામણ પ્રમાણે કાયદો થાય તો, આપણે સત્યાગ્રહ આદરવો જોઈએ. પથારીવશ નહોઉં તો હું એકલો પણ ઝૂઝું ને બીજાઓ મળી રહેવાની પછી આશા રાખું. મારી લાચાર સ્થિતિમાં એકલા ઝૂઝવાની મારી શક્તિ મુદલ નથી.'

ગાંધીયાત્રા

આ વાતચીતને પરિણામે મારા ઠીક ઠીક પ્રસંગમાં આવેલા માણસોની એક નાનકડી સભા બોલાવવાનો નિશ્ચય થયો. રૉલેટ કમિટીને મળેલ પુરાવા ઉપરથી તેણે કરેલી ભલામણ કરેલા કાયદાની મુદલ જરૂર નથી એમ મને તો સ્પષ્ટ લાગ્યું. તેવો કાયદો કોઈ પણ સ્વમાન જાળવનારી પ્રજા કબૂલ ન કરી શકે એ પણ મને એટલું જ સ્પષ્ટ લાગ્યું.

પછી સભા ભરાઈ. તેમાં ભાગ્યે વીસ માણસોને નોતરવામાં આવ્યા હતા. મને યાદ છે તે પ્રમાણે, વલ્લભભાઈ ઉપરાંત તેમાં શ્રીમતી સરોજિની નાયડુ, મિ. હૉર્નીમેન, સ્વ. ઉમર સોબાની, શ્રી શંકરલાલ બૅંકર, શ્રી અનસૂયાબહેન, વગેરે હતાં.

પ્રતિજ્ઞાપત્ર ઘડાયું ને તેમાં હાજર રહેલાં બધાંએ સહી કરી એવું મને સ્મરણ છે. આ વખતે હું છાપું તો નહોતો ચલાવતો. પણ વખતોવખત છાપામાં લખતો તેમ મેં લખવાનું શરૂ કર્યું, ને શંકરલાલ બૅંકરે ખૂબ ચળવળ ઉપાડી. તેમની કામ કરવાની અને સંગઠન કરવાની શક્તિનો મને આ વખતે ખૂબ અનુભવ થયો.

ચાલતી કોઈ પણ સંસ્થા સત્યાગ્રહ જેવું નવું શસ્ત્ર ઉપાડી લે એમ બનવું મેં અશક્ય માન્યું. તેથી સત્યાગ્રહસભાની સ્થાપના થઈ. તેમાં મુખ્ય નામો મુંબઈમાં જ ભરાયાં. મથક મુંબઈ રાખવામાં આવ્યું. પ્રતિજ્ઞાઓમાં ખૂબ સહીઓ થવા માંડી ને ખેડાની લડતની જેમ પત્રિકાઓ નીકળી તથા ઠેકાણે ઠેકાણે સભાઓ થઈ.

આ સભામાં હું પ્રમુખ બન્યો હતો. મેં જોયું કે, શિક્ષિત વર્ગ અને મારી વચ્ચે મેળ નહીં જામી શકે. સભામાં ગુજરાતી ભાષાના ઉપયોગના મારા આગ્રહે ને મારી બીજી કેટલીક પદ્ધતિએ તેમને મૂંઝવ્યા. છતાં મારી પદ્ધતિને નિભાવી લેવાની ઘણાએ ઉદારતા બતાવી એમ મારે કબૂલ કરવું જોઈએ. પણ આરંભમાં જ મેં જોયું કે આ સભા લાંબો કાળ નહીં નભી શકે. વળી, સત્ય અને અહિંસા ઉપરનો મારો ભાર કેટલાકને અપ્રિય થઈ પડ્યો. છતાં, પ્રથમના કાળમાં આ નવું કામ તો ધમધોકાર ચાલ્યું.



- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર

આખરે ફેસબુક એક્શનમાં આવી

# ફેસબુકના પ્રતિનિધીએ પ્રથમ વાર કોઈ યૂઝરના ઘરે જઈને તપાસ કરી

## ફેસબુક યુઝર માટે આ ઘટના ચેતવણી સમાન : ફેસબુક પર ગમે તેવી પોસ્ટ મૂકતાં પહેલાં હવે ચેતજો

ન્યુ દિલ્હી, તા. ૮

ફેસબુકના પ્રતિનીધિએ પહેલી વખત કોઈ યુઝરના ઘરે જઈને પૂછ્યું કે આ પોસ્ટ તેને કરી હતી કે નહીં. આટલુ જ નહી યુઝરની ઓળખ માટે તેના આધારકાર્ડ અને અન્ય દસ્તાવેજોની પણ તપાસ કરી હતી. દિલ્હીમાં રહેતા યુવકના કહ્યા પ્રમાણે, એક વખત તો તેને લાગ્યું કે જાણે પોલીસે તેના ઘરે આવી ગઈ હોય. આ મામલો રાજકીય પોસ્ટ સાથે જોડાયેલો છે.

સુપ્રીમ કોર્ટના વકીલ અને સાઈબર મામલાના નિષ્ણાત પવન દુગ્ગલના કહ્યાં પ્રમાણે, કંપનીનું આ પગલુ આઈટી એક્ટ ૨૦૦૦નું ઉલ્લંઘન છે. ફેસબુક ઈચ્છે તો પોસ્ટ હટાવી શકે છે. કંપની યુઝરને તેમના પ્લેટફોર્મનો ઉપયોગ કરવાથી રોકી શકે છે.

દુગ્ગલના કહ્યા પ્રમાણે, ફક્ત સરકાર જ નક્કી કરેલા કાયદાઓ દ્વારા આ પ્રકારની કાર્યવાહી કરી શકે છે. તેમના કહ્યા પ્રમાણે સોશયલ મીડિયા કંપનીનું આ પ્રકારનું વર્તન કરવું યોગ્ય નથી. તેની સામે યોગ્ય કાર્યાવાહી થવી જોઈએ. નામ ન જણાવવાની શરત પર યુઝરે કહ્યું કે, તેમને પહેલી વખત આ પ્રકારની ઘટના જોઈ છે. તેમના કહ્યા પ્રમાણે શું સરકારના કહેવા પર કંપનીઆ પ્રકારનું પગલુ લીધું છે. તેને ફક્ત એક પોસ્ટમાં તેમના રાજકીય વિચાર લખ્યા હતા.

# જીપીએસસીની ભરતી પ્રક્રિયા અનુસંધાને ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં બેસવા દેવાનો હાઈકોર્ટનો આદેશ

## પ્રિલીમમાં સાચા જવાબો આપ્યા છતાંય વંચિત રખાયેલા ઉમેદવારો દ્વારા હાઈકોર્ટ સમક્ષ રીટ કરવામાં આવી હતી, જે બાબતે હાઈકોર્ટે હકારાત્મક પ્રત્યુત્તર વાળ્યો

અમદાવાદ, તા. ૮

રાજયમાં ડેપ્યુટી સેકશન ઓફિસર અને ડેપ્યુટી મામલતદાર સહિતની વિવિધ જગ્યાઓ માટે જીપીએસસી દ્વારા હાથ ધરાયેલી ભરતી પ્રક્રિયા અનુસંધાનમાં કેટલાક ઉમેદવારો જીપીએસસી સત્તાવાળાઓની ભૂલના લીધે બાકાત રહ્યા હોવાથી તેઓએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા અને મુખ્ય પરીક્ષા માટે તેમના ઓનલાઈન ફોર્મ સ્વીકારવા અને તેમને મુખ્ય પરીક્ષામાં બેસવા દેવા દાદ માંગતી જુદી જુદી રિટ અરજીઓ કરી હતી. જેની સુનાવણીમાં જસ્ટિસ નિલય વી. અંજારીયાએ બહુ મહત્વના આદેશમાં, અરજદાર ઉમેદવારોના મુખ્ય પરીક્ષામાં બેસવા અંગેના ઓનલાઈન ફોર્મ રજૂ કરવા દેવાની મંજૂરી આપી હતી. એટલું જ નહી, હાઈકોર્ટે જીપીએસસી સત્તાવાળાઓને આ અરજદાર ઉમેદવારોના આ ફોર્મ સ્વીકાર્યા બાદ તેઓને મુખ્ય પરીક્ષામાં બેસવા દેવા પણ હુકમ કર્યો હતો. અલબત્, હાઈકોર્ટે આ અરજદાર ઉમેદવારોના પરિણામ સીલ કરવામાં રાખવા અને હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવા પણ જીપીએસસી સત્તાવાળાઓને તાકીદ કરી હતી. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૧લી મેના રોજ રાખી હતી. અરજદાર ઉમેદવારો નીલેશ એચ.પટેલ તથા અન્યો દ્વારા કરાયેલી જુદી જુદી રિટ અરજીઓમાં એડવોકેટ શાર્વિલ પી.મજમુદારે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, જીપીએસસી સત્તાવાળાઓ દ્વારા રાજયમાં ડેપ્યુટી સેકશન ઓફિસર અને ડેપ્યુટી મામલદાર સહિતની સંબંધિત જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેમાં લેવાયેલી પ્રિલીમનરી પરીક્ષામાં અરજદાર ઉમેદવારો પણ બેઠા હતા પરંતુ બાદમાં જીપીએસસી સત્તાવાળાઓએ અરજદારોના પ્રિલીમમાં માર્કસ ઓછા હોવાનું કારણ આપી તેઓને મુખ્ય પરીક્ષામાં બેસવા દેવા અંગેના ઓનલાઈન ફોર્મ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. જીપીએસસી સત્તાધીશોના આ અન્યાયી વલણના કારણે અરજદારો મુખ્ય પરીક્ષામાં બેસવાની લાયકાત અને પાત્રતા ધરાવતા હોવાછતાં તેઓ નોકરીની તકથી વંચિત રહી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. અરજદાર ઉમેદવારો તરફથી એડવોકેટ શાર્વિલ પી.મજમુદારે હાઈકોર્ટનું ખાસ ધ્યાન દોર્યુ હતું કે, અરજદારોના માર્કસ પ્રિલીમમાં ઓછા નથી આવ્યા પરંતુ જીપીએસસી સત્તાવાળાઓએ માર્કસનું સાચુ મૂલ્યાંકન કરવામાં ગંભીર ચૂક દાખવી છે. કારણ કે, જીપીએસસીના પ્રશ્નપત્રમાં જ છ જેટલા પ્રશ્નોની આન્સર કી ખુદ સત્તાવાળાઓએ જ ખોટી આપી હતી, જેની સામે અરજદાર ઉમેદવારોએ તો સાચા જ જવાબો આપ્યા હતા, તેમછતાં તેને ધ્યાને લેવાયા નથી અને તેમના માર્કસ ઓછા આપી ભરતી પ્રક્રિયામાં ખાસ કરીને મુખ્ય પરીક્ષામાં બેસવા દેવામાંથી ગેરકાયદે રીતે વંચિત રખાયા છે.

અરજદાર ઉમેદવારો તરફથી કાનપુર યુનિવર્સિટી વિરૂધ્ધ સમીર ગુપ્તા, રિચાલ વિરૂધ્ધ રાજસ્થાન પબ્લીક સર્વિસ કમીશન અને યુપી પબ્લીક સર્વિસ કમીશન વિરૂધ્ધ રાહુલ સિંગ સહિતના સુપ્રીમકોર્ટના મહત્વના ચુકાદાઓ ટાંકી તેમના ઓનલાઈન ફોર્મ સ્વીકારી તેઓને મુખ્ય પરીક્ષામાં બેસવા દેવા સહિતની દાદ માંગવામાં આવી હતી. અરજદારપક્ષની ઉપરોકત દલીલો ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે ઉપરમુજબ મહત્વનો આદેશ જારી કર્યો હતો.